# ભારતની દરેક ખરીદીને તમારા પોર્ટફોલિયોને શક્તિ પૂરી પાડવા દો



રજૂ કરી રહ્યા છીએ

## એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ

(થિમેટિક– વપરાશ થીમ પર આધારિત ઓપન એન્ડેડ ઇક્વિટી યોજના)

એનએફઓ આરંભ તારીખ: 10 ઓગસ્ટ, 2023
એનએફઓ અંતિમ તારીખ: 24 ઓગસ્ટ, 2023
રિઓપનિંગ તારીખ: 7 સપ્ટેમ્બર, 2023

ભારત વ્યાપક સ્તરે, કેલેન્ડર વર્ષ 2006માં ચીન જ્યાં હતું ત્યાં છે. તે સમયથી, ચીને તમામ વર્ગોમાં વપરાશ ખર્ચમાં વિસ્ફોટ જોયો છે અને અમે માનીએ છીએ કે ભારત પણ આ જ પથ ચાલશે. ભારત પોતાની વસ્તીવિષયક, અર્થતંત્રનાં ઔપચારિકીકરણ, કાર્યદળમાં મહિલાઓની વધતી સહભાગિતા વગેરેને લીધે અનુકૂળ સ્થિતિમાં છે. મહત્ત્વકાંક્ષી ભારતીયો વધુ ટેક સેવી બન્યા છે અને સોશિયલ મિડિયાથી પ્રભાવિત છે અને તેઓ ક્રેડિટના ઉપયોગ મારફતે પછીથી ખર્ચ કરવા માટે તૈયાર છે. આપણે અસંગઠિતથી સંગઠિત, પ્રિમિયમ વર્ગોમાં બદલાવ અને ગ્રાહક વર્તણુક કોઇ પણ સ્થળે બધુ ખરીદવા તરફ આગળ વધી રહ્યા હોવાનું જોઇ રહ્યા છીએ. આનાથી આગામી દાયકામાં મજબૂત વપરાશ ખર્ચ વધવો જોઇએ. એચએસબીસી ઈન્ડિયા કન્ઝમ્પ્શન ફંડનો લક્ષ્યાંક દેશમાં આ મજબૂત અંતર્નિહિત વૃદ્ધિનાં વલણોને ઝીલવાનો હશે.

એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ, વિભિન્ન ક્ષેત્રોમાં વપરાશ પર લઘુત્તમ 80% અને વપરાશની બહાર 20% સુધીના ભાર સાથે ઉચ્ચ વિકાસ અને સુસંગતતા પૂરી પાડે છે.

### એચએસબીસી કન્ઝમ્પ્શન સાથે સતત વૃદ્ધિ પામો

| વપરાશ | + ઊંચી વૃદ્ધિ | + સુસંગતતા | = એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ |
|---|---|---|---|
| આ ફંડ વપરાશમાં સામેલ અથવા તેનાથી લાભ પ્રાપ્ત કરવાની અપેક્ષા હોય એવી કંપનીઓના સક્રિય રીતે સંચાલિત પોર્ટફોલિયોમાંથી લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ સર્જી શકે છે | પ્રવેશ, પ્રિમિયમાઇઝેશન અને અસંગઠિતથી સંગઠિત ચાલક વપરાશ તરફ પરિવર્તન. | વપરાશ ક્ષેત્રનાં કેટલાક ક્ષેત્રો આર્થિક મંદીમાં પણ સતત વૃદ્ધિ પૂરી પાડે છે. | વપરાશમાં ન્યૂનતમ 80% ભાર અને અન્ય તમામ ક્ષેત્રોમાં 20% સુધીની બાહ્ય વપરાશની થીમ ધરાવતું ફંડ ઉચ્ચ વૃદ્ધિ અને સુસંગતતા આપે છે. |

## વપરાશના ચાલક

### વસતીની મધ્ય વય

| | | |
|---|---|---|
| 25.4 | 29.0 | 31.8 |
| 2010 | 2021 | 2030 |

### માથાદીઠ આવક

| | | |
|---|---|---|
| $1,360 | $2,278 | $5,242 |
| 2010 | 2021 | 2031 |

### ગ્રાહક પિરામિડ

| | |
|---|---|
| સમૃદ્ધ અને ઉચ્ચ મધ્યમ વર્ગની આવક એચએચ | 39% |
| મધ્યમ વર્ગ આવક એચએચ | 45% |
| નીચલો મધ્યમ વર્ગ આવક એચએચ | 13% |

### ખર્ચની વયમાં વસતીનો હિસ્સો (15–64 વર્ષ)

| | | |
|---|---|---|
| 64.1% | 67.4% | 68.4% |
| 2010 | 2021 | 2030 |




### ગ્રામીણ/ શહેરી આવક તફાવત (શહેરી/ગ્રામીણ માથાદીઠ આવક)

| | | |
|---|---|---|
| 2.1x | 1.8x | 1.4x |
| 2010 | 2021 | 2030 |

### શહેરીકરણ (શહેરી વસતીનો હિસ્સો)

| | | |
|---|---|---|
| 31% | 35% | 40% |
| 2010 | 2021 | 2030 |

### ઈન્ટરનેટ પ્રવેશ

| | | |
|---|---|---|
| 8% | 47% | 65% |
| 2010 | 2021 | 2031 |

### વિકેન્દ્રીકરણ (સરેરાશ પરિવારનું કદ)

| | | |
|---|---|---|
| 5.0 | 4.6 | 4.5 |
| 2010 | 2021 | 2030 |

### સંગઠિત બજાર હિસ્સો

| | |
|---|---|
| રિટેલ | 12% |
| ખાદ્ય સેવા | 33% |
| પેઇન્ટ્સ | 70% |


### ઓનલાઈન દુકાનદાર પ્રવેશ (ઈન્ટરનેટ વપરાશકારોના % તરીકે)

| | | |
|---|---|---|
| 4% | 41% | 70% |
| 2010 | 2021 | 2031 |


સ્ત્રોતઃ એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડ, બ્લુમબર્ગ, બીસીજી X રાય 2022, **માત્ર ઉદાહરણના ઉદ્દેશ માટે.**

## પ્રવેશ, પ્રિમિયમાઈઝેશન અને અસંગઠિતથી સંગઠિત વપરાશ તરફ પરિવર્તન


### પ્રવાસી વાહનોનો પ્રવેશ^





### જ્વેલેરી ટ્રેન્ડ સંગઠિત




### ભારતનું મોબાઈલ ફોન બજાર (મિલિયન એકમમાં, નાણાકીય વર્ષ 2017–18)



સ્ત્રોતઃ સ્પાર્ક કેપિટલ રિસર્ચ, બ્લુમબર્ગ, 30 જૂન, 2023ના રોજના ડેટા, ^% લોકો જેઓ ભારતમાં 1000 વ્યક્તિદીઠ પેસેન્જર વાહનની માલિકી ધરાવે છે. માત્ર ઉદાહરણના ઉદ્દેશ માટે.

## એચએચબીસી કન્ઝમ્પ્શન ફંડનું ફોકસ

એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ વ્યાપક વલણો/થીમ્સમાંથી ઊભી થતી યોગ્ય તકો શોધશે, જેવી કે

| અસંગઠિતથી સંગઠિતમાં પરિવર્તન | પ્રવેશ આધારિત વૃદ્ધિ | ઉભરતા વર્ગો | પ્રિમિયમાઇઝેશન | ડિજિટાઇઝેશન |
|---|---|---|---|---|

- આ ફંડ વપરાશ અને વપરાશ સંબંધિત થીમમાં સામેલ કંપનીઓનો સક્રિયપણે સંચાલિત પોર્ટફોલિયો છે
- ફંડ વિભિન્ન ક્ષેત્રોમાં વપરાશમાં લઘુત્તમ 80% અને વપરાશની બહાર 20% સુધીના ભાર સાથેનો પોર્ટફોલિયો ધરાવશે.

**એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ સાથે બહુવિધ લાભની પહોંચ મેળવો**

## રોકાણ વ્યુહરચના– એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ (એચસીઓએફ)

**લઘુત્તમ વ્યાખ્યાયિત 80%નો ભાર વપરાશ થીમ માટે**

વિભિન્ન ક્ષેત્રોમાં વપરાશ પર લઘુત્તમ 80% અને વપરાશની બહાર 20% સુધીના ભાર સાથેનો ફંડ ઉચ્ચ વિકાસ અને સુસંગતતા પૂરી પાડે છે.

પોર્ટફોલિયોના લઘુત્તમ 80% વપરાશ થીમ અનુસાર ક્ષેત્રોમાં રોકાણ કરશે

**શેષ 20% માટે લવચિકતા**

બજારનાં અનુકૂળ વલણમાંથી લાભ પ્રાપ્ત કરવા માટે ફંડ વિભિન્ન ક્ષેત્રોમાં વપરાશની થીમ બહાર 20% સુધીનું રોકાણ કરવાની લવચિકતા પણ ધરાવે છે

દા.ત. વપરાશને સક્ષમ બનાવશે એવી નાણાકીય સેવાઓ અને બેંકની કંપનીઓ પસંદ કરવી

**ટોપ-ડાઉન અભિગમ**

વ્યાપક આર્થિક પરિબળો

ઉદ્યોગ/ થીમમાં તકો

આ ક્ષેત્રોની વૃદ્ધિના ચાલકોનાં રોકાણ ટીમે કરેલા વિશ્લેષણને આધારે એવા ક્ષેત્રોમાં રોકાણ કરવામાં આવશે, જે વપરાશ સાથે સંકળાયેલા છે અથવા વપરાશમાંથી લાભ મેળવવાની અપેક્ષા છે

**બોટમ અપ અભિગમ**


સ્મોલ અને મિડ કેપ વિજેતાઓની ઓળખ કરવા માટેની ચાવી

સમકક્ષોમાં કારોબારની મૂળભૂત બાબતો, ઉદ્યોગનું માળખું અને સંબંધિત કારોબારની શક્તિ પર ધ્યાન કેન્દ્રીત કરો

સંચાલનમંડળની ગુણવત્તા, આર્થિક પરિબળો માટે સંવેદનશીલતા, કંપનીની નાણાકીય શક્તિ અને ચાવીરૂપ આવકના ચાલકો પર પણ ધ્યાન કેન્દ્રીત કરો

**શુદ્ધ વપરાશ થીમમાં 80%ની સુસંગત ફાળવણીમાંથી લાભ મેળવવા માટેનો ફંડ**

## વિભિન્ન કદમાં તક– લીપ



**લાર્જ કેપ આગેવાન**
ટોચની 100 કંપનીઓ

- સુસ્થાપિત કારોબાર
- લાંબા સમયનો રેકોર્ડ ધરાવતા પરિપક્વ ખેલાડીઓ
- ઊંચી તરલતા
- સ્થિર આવક વૃદ્ધિ અને ઓછી અસ્થિરતા


**મિડ કેપ ઉભરતા આકાંક્ષીઓ**
101મીથી 250મી કંપનીઓ

- સંભવિત લાર્જ કેપ્સ
- ઊંચી વૃદ્ધિની સંભાવનાઓ સાથે પુરવાર થયેલો ટ્રેક રેકોર્ડ
- તુલનાત્મક ઊંચી અસ્થિરતા વિરુદ્ધ લાર્જ કેપ્સ
- સંભવિત મૂલ્યાંકન બહુવિધ રિ-રેટિંગ ઉમેદવારો

**સ્મોલ કેપ પર્લ્સ**
251મી કંપની અને વધુ

- વિશિષ્ટ અને ઉભરતા કારોબારો
- વૃદ્ધિ માટે ઊંચી સંભાવના
- તુલનાત્મક રીતે વધુ અસ્થિર અને ઓછી તરલતા
- ઊંચા સંશોધન આર્બિટ્રેજ

**વપરાશ સૂચકાંક રોકાણ ક્ષિતિજોમાં સુસંગતતાથી પ્રદર્શન કરવાની ક્ષમતા ધરાવે છે**




સ્રોતઃ એમએફઆઇ આઇસીઆરએ, એનએસઇ, જૂન 2013થી જૂન 2023 સુધી ઇન્ડેક્સ મૂલ્યોનો ઉપયોગ કરીને સંબંધિત અવધિ માટે દૈનિક રોલિંગ વળતર, 30 જૂન, 2023ના રોજ ડેટા, કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ્સ (સીએજીઆર), **ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ શકે અથવા ન પણ જળવાઈ શકે.**

## એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ સાથે સતત વૃદ્ધિ પામો

વપરાશ ઈન્ડેક્સમાં લઘુત્તમ 80% અને તેના બેન્ચમાર્કની બહાર 20% સુધીના ભાર સાથેનો એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ, જેમાં મુખ્ય વપરાશ સક્ષમકારો પર ફોકસ હશે, જે લાંબા ગાળે ઊંચી વૃદ્ધિ અને સુસંગતતા ઓફર કરી શકે છે.

### રોકાણ ઉદ્દેશ

ફંડનો રોકાણ ઉદ્દેશ વપરાશમાં સામેલ અથવા તેમાંથી લાભની અપેક્ષા રાખતી કંપનીઓની ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત જામીનગીરીઓના સક્રિયપણે સંચાલિત પોર્ટફોલિયોમાંથી લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ સર્જવાનો છે. જોકે, એવી કોઇ ખાતરી કે ગેરંટી નથી કે યોજનાનો રોકાણ ઉદ્દેશ હાંસલ થશે.

| બેન્ચમાર્ક | ફંડ મેનેજર |
|---|---|
| નિફ્ટી ઈન્ડિયા કન્ઝમ્પ્શન ઇન્ડેક્સ ટીઆરઆઇ | ગૌતમ ભુપાલ અને સોનલ ગુપ્તા (વિદેશી રોકાણો માટે) |

Reach us 1800 200 2434
www.assetmanagement.hsbc.co.in

Follow us on

### પ્રોડક્ટ લેબલિંગ

**એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડ** (વપરાશ થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઈક્વિટી યોજના)


**આ પ્રોડક્ટ એવા રોકાણકારો માટે યોગ્ય છે, જેઓ નીચેની બાબતો ઇચ્છે છે*:**

- લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરવાનું
- વપરાશ અને વપરાશ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ અથવા તેમાંથી લાભ મેળવવાની અપેક્ષા રાખતી કંપનીઓની ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત જામીનગીરીઓમાં પ્રમુખ રીતે રોકાણ

**#જો રોકાણકારોને તેમના માટે આ પ્રોડક્ટ યોગ્ય છે કે નહીં તે અંગે શંકા હોય તો તેમણે તેમના નાણાકીય સલાહકારની સલાહ લેવી જોઈએ.**


(બેન્ચમાર્કઃ નિફ્ટી ઈન્ડિયા કન્ઝમ્પ્શન ઇન્ડેક્સ ટીઆરઆઇ)

*Riskometer of the Scheme




Investors understand that their principal will be at Very High risk

Riskometer of the Benchmark




એનએફઓ દરમિયાન સોંપેલા પ્રોડક્ટ લેબલિંગ યોજનાની લાક્ષણિકતાઓ અથવા મોડલ પોર્ટફોલિયોને આધારિત હોય છે અને તે જ્યારે વાસ્તવિક રીતે રોકાણ કરવામાં આવે ત્યારે એનએફઓ પછી અલગ હોઇ શકે છે

સ્રોતઃ એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડ, આઇસીઆરએ એમએફઆઇ, 30 જૂન, 2023 રોજ ડેટા, વધુ વિગતો માટે એચએસબીસી કન્ઝમ્પ્શન ફંડનું એસઆઇડી જુઓ

**ડિસ્ક્લેઇમરઃ**

આ દસ્તાવેજ એચએસબીસી એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડ (એચએસબીસી) દ્વારા માત્ર બજારનો ખ્યાલ પૂરો પાડવાના ઈરાદાથી માહિતીના ઉદ્દેશ માટે તૈયાર કરવામાં આવ્યો છે અને તેને એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડનાં કોઇ પણ ફંડની ખરીદી માટેની ઓફર અથવા ઓફરના આગ્રહ તરીકે માનવો ન જોઈએ. આ દસ્તાવેજમાં સામેલ તમામ માહિતી (ત્રાહિત પક્ષો પાસેથી પ્રાપ્ત જાણકારી સહિત) એવા સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરવામાં આવી છે, જે એચએસબીસી/ ત્રાહિત પક્ષ વિશ્વસનીય હોવાનું માને છે, પરંતુ તેની ખરાઇ એચએસબીસી/ ત્રાહિત પક્ષ દ્વારા સ્વતંત્ર રીતે કરવામાં આવી નથી. આ ઉપરાંત, એચએસબીસી/ ત્રાહિત પક્ષ કોઇ ગેરંટી, પ્રતિનિધિત્વ અથવા વોરંટી આપતી નથી અને આવી માહિતીની ચોક્કસાઇ અથવા સંપૂર્ણતા અંગેની કોઇ જવાબદારી કે દાયિત્વ સ્વીકારતી નથી. દસ્તાવેજની અંદર સામેલ માહિતી અને અભિપ્રાયો જાહેર રીતે ઉપલબ્ધ માહિતી અને પ્રકાશનના સમયે લાગુ થવા પાત્ર વેરાના દરને આધારિત છે, જે સમયાંતરે ફેરફારને આધિન છે. અભિપ્રાયની અભિવ્યક્તિઓ માત્ર એચએસબીસીની છે અને કોઇ પૂર્વ સૂચના કે નોટિસ વિના ફેરફારને આધિન છે. તેમાં આ દસ્તાવેજ પ્રાપ્ત કરી શકે એવી કોઇ વિશિષ્ટ વ્યક્તિના વિશિષ્ટ રોકાણ ઉદ્દેશો, નાણાકીય સ્થિતિ અને વિશેષ જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવતી નથી. રોકાણકારોએ આ અહેવાલમાં ચર્ચા કરવામાં અથવા ભલામણ કરવામાં આવી હોઇ શકે એવી કોઇ જામીનગીરીઓ અથવા રોકાણની વ્યુહરચનાઓમાં રોકાણ કરવાની યોગ્યતા અંગે નાણાકીય સલાહ મેળવવી જોઇએ અને એ સમજવું જોઇએ કે ભવિષ્યની સંભાવનાઓ અંગેનાં મંતવ્યો સાકાર થઈ શકે અથવા ન પણ થઈ શકે. આ દસ્તાવેજ અથવા એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સ કોઇ પણ ન્યાયક્ષેત્રમાં નોંધણી પામ્યા નથી. કેટલાક ન્યાયક્ષેત્રોમાં આ દસ્તાવેજનું વિતરણ મર્યાદિત હોઇ શકે અથવા સંપૂર્ણપણે પ્રતિબંધિત હોઇ શકે છે અને તે અનુસાર, જે વ્યક્તિ પાસે આ દસ્તાવેજ આવે છે તેમણે પોતાને આવા પ્રતિબંધો વિશે જાણકાર કરવાની અને તેનું અવલોકન કરવું આવશ્યક છે.

આ દસ્તાવેજ માત્ર એવા લોકો માટે છે જેઓ ભારતમાંથી તેની પહોંચ મેળવે છે અને માત્ર ભારતીય ન્યાયક્ષેત્રમાં વિતરણ કરવા માટે મંજૂર છે. ભારતની બહાર રહેતી કોઇ પણ વ્યક્તિને અને ભારતમાં રહેતા વિદેશી નાગરિકોને (રોકાણકારો, સંભવિત રોકાણકારો અથવા વિતરકો સહિત) આ દસ્તાવેજનું વિતરણ કરવું કડકપણે પ્રતિબંધિત છે. આ દસ્તાવેજ અથવા એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડના યુનિટ્સ કોઇ પણ વિદેશી ન્યાયક્ષેત્રમાં જામીનગીરીઓના કાયદાઓ/ નિયમનો હેઠળ નોંધણી પામ્યા નથી. અમુક ન્યાયક્ષેત્રમાં આ દસ્તાવેજનું વિતરણ ગેરકાયદેસર અથવા મર્યાદિત અથવા સંપૂર્ણપણે પ્રતિબંધિત હોઇ શકે છે અને તદનુસાર, જે વ્યક્તિ પાસે આ દસ્તાવેજ આવે તેમણે પોતાને આવા પ્રતિબંધો વિશે જાણકાર કરવાની અને અવલોકન કરવાની આવશ્યકતા છે. જો કોઇ વ્યક્તિ ભારત બહારનાં ન્યાયક્ષેત્રમાંથી આ દસ્તાવેજની પહોંચ મેળવવાનું પસંદ કરે છે તો આવી વ્યક્તિ આ પોતાના જોખમ પર કરે છે અને એચએસબીસી તથા તેના જૂથની કંપનીઓ આવી વ્યક્તિ દ્વારા કોઇ સ્થાનિક કાયદા અથવા નિયમનનાં થતા ઉલ્લંઘનનાં પરિણામ માટે જવાબદાર નહીં હોય.

**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

© Copyright. HSBC Asset Management (India) Private Limited 2023, ALL RIGHTS RESERVED.

એચએસબીસી એસેટ મેનેજમેન્ટ (ઈન્ડિયા) પ્રાઇવેટ લિમિટેડ, 9–11 માળ, નેસ્કો આઇટી પાર્ક, બિલ્ડિંગ નં. 3, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, ગુડગાંવ (ઈસ્ટ), મુંબઈ– 400 063, ભારત
investor.line@mutualfunds.hsbc.co.in | Website: www.assetmanagement.hsbc.co.in